DigiSafe

Keeping children safe

LGfL

# Gujarati translation of the Department for Education's 'Keeping children safe in education'

## Statutory guidance for schools and colleges

## Part one: Information for all school and college staff
## September 2019

# શિક્ષણ વિભાગનું 'બાળકોને શિક્ષણમાં સુરક્ષિત રાખવા'

## શાળાઓ અને કૉલેજો માટે વૈધાનિક માર્ગદર્શન

## ભાગ એક: બધી શાળા અને કૉલેજ કર્મચારીઓ માટે માહિતી

## સપ્ટેમ્બર 2019

# વિષયવસ્તુ

સારાંક્ષ 3

ભાગ એક: બધા કર્મચારીઓ માટે સુરક્ષાત્મક પગલાં સંબંધિત માહિતી 4

શાળા અને કૉલેજના કર્મચારીઓએ શું જાણવું જોઈએ અને કરવું જોઈએ 4

સુરક્ષાત્મક પગલાં પ્રત્યે એક બાળક કેન્દ્રિત અને સમન્વયિત અભિગમ 4

શાળા અને કૉલેજના કર્મચારીઓની ભૂમિકા 4

શાળા અને કૉલેજના કર્મચારીઓએ શું જાણવાની જરૂર છે 5

શાળા અને કૉલેજના કર્મચારીઓએ શેનું ધ્યાન રાખવું જોઈએ 6

જો કોઈ બાળક વિશે તેમને ચિંતા હોય તો શાળા અને કૉલેજ કર્મચારીઓએ શું કરવું જોઈએ 10

શાળા અને કૉલેજના કર્મચારીઓએ શું કરવું જોઈએ જો તેમને અન્ય કર્મચારી સભ્ય વિશે ચિંતા હોય, જે બાળકોને નુકસાન પહોંચાડવાનું જોખમ ઉભું કરી શકે છે 13

શાળા અથવા કૉલેજની અંદર જો સુરક્ષાત્મક પગલાં સંબંધિત વ્યવહારો અંગે ચિંતા હોય તો શાળા અથવા કૉલેજ કર્મચારીઓ શું કરવું જોઈએ 14

This publication is translated from the Department for Education document ‘Keeping Children Safe in Education’ available from gov.uk which is licensed under the terms of the Open Government Licence v3.0.

This translation was carried out by a professional linguist with secondary proofing. However, the original English version should be treated as the official source of statutory school staff duties.

Please note that Annex A, which must also be read by all staff who work directly with children, is not included in this translation.

# સારાંક્ષ

બાળકોને શિક્ષણમાં સુરક્ષિત રાખવા તે એક વૈધાનિક માર્ગદર્શન છે જેનું અનુપાલન કરવું ઇંગ્લેંડમાં શાળા અને કૉલેજો માટે જ્યારે તેઓ બાળકોના કલ્યાણને પ્રોત્સાહન આપવા અને સુરક્ષા માટે તેમની ફરજ નિભાવી રહ્યા હોય ત્યારે કરવું અનિવાર્ય છે.

- સુસ્થાપિત શાળાઓ (સુસ્થાપિત નર્સરી શાળાઓ સહિત) અને કૉલેજોના નિયામક મંડળો;
- સ્વતંત્ર શાળાઓના માલિક (અકાદમીઓ, નિઃશુલ્ક શાળાઓ અને વૈકલ્પિક જોગવાઈ અકાદમીઓ સહિત) અને બિન-સુસ્થાપિતવિશેષ શાળાઓ. અકાદમીઓ, નિઃશુલ્ક શાળાઓ અને વૈકલ્પિક જોગવાઈ અકાદમીઓના કિસ્સામાં, માલિક અકાદમી ટ્રસ્ટ હશે; અને
- વિદ્યાર્થી રેફરલ એકમો (PRUs) ની મેનેજમેન્ટ સમિતિઓને

ખાતરી કરવા માટે કહેવામાં આવ્યું છે કે તેમની શાળા અથવા કૉલેજમાં **બધા કર્મચારીઓ** માર્ગદર્શનનો ઓછામાં ઓછો ભાગ એક **વાંચે** .

સંદર્ભની સરળતા માટે ભાગ એક એકમાત્ર દસ્તાવેજ તરીકે અહીં મૂકવામાં આવ્યો છે.

# ભાગ એક: બધા કર્મચારીઓ માટે સુરક્ષાત્મક પગલાં સંબંધિત માહિતી

## શાળા અને કૉલેજના કર્મચારીઓએ શું જાણવું જોઈએ અને કરવું જોઈએ

## સુરક્ષાત્મક પગલાં પ્રત્યે એક બાળક કેન્દ્રિત અને સમન્વયિત અભિગમ

1. શાળાઓ અને કૉલેજો અને તેમના કર્મચારીઓ બાળકો માટેની વ્યાપક સુરક્ષાત્મક વ્યવસ્થાનો એક મહત્વપૂર્ણ ભાગ છે. આ પ્રણાલી વૈધાનિક માર્ગદર્શનમાં વર્ણવેલ છે Working Together to Safeguard Children (બાળકોની સુરક્ષા કરવા માટે એકસાથે કાર્ય કરવું).

2. બાળકોના કલ્યાણની સુરક્ષા કરવી અને તેને પ્રોત્સાહન આપવું **તે દરેકની** જવાબદારી છે. **દરેક વ્યક્તિ** જે બાળકો અને તેમના પરિવારો સાથે સંપર્કમાં આવે છે તેમણે એક ભૂમિકા ભજવવાની હોય છે. આ જવાબદારીને અસરકારક રીતે પરિપૂર્ણ કરવા માટે, બધા પ્રેક્ટિશનરોએ ખાતરી કરવી જોઈએ કે તેમનો અભિગમ બાળક-કેન્દ્રિત છે. આનો અર્થ તે છે કે, હંમેશા તેમણે બાળકના **શ્રેષ્ઠ હિતમાં** શું છે તે ધ્યાનમાં લેવું જોઈએ.

3. કોઈપણ એક પ્રેક્ટિશનરને બાળકની જરૂરિયાતો અને સંજોગોનું સંપૂર્ણ ચિત્ર ખબર હોઈ શકે નહીં. જો બાળકો અને પરિવારોએ યોગ્ય સમયે યોગ્ય મદદ પ્રાપ્ત કરવી હોય તો, **દરેક વ્યક્તિ** જે તેમની સાથે સંપર્કમાં આવે તેમણે, ચિંતાઓ ઓળખવામાં, માહિતી શેર કરવામાં, અને તાત્કાલિક પગલાં લેવામાં એક ભૂમિકા ભજવવાની હોય છે.

4. બાળકોના કલ્યાણને સુરક્ષા અને પ્રોત્સાહન પૂરા પાડવા તે આ માર્ગદર્શનના ઉદ્દેશ્યો માટે નીચે મુજબ વ્યાખ્યાયિત છે:

- બાળકોનું દુર્વ્યવહારથી રક્ષણ કરવું;
- બાળકોના સ્વાસ્થ્ય અથવા વિકાસમાં ક્ષતિને નિવારવી;
- સલામત અને અસરકારક સંભાળની જોગવાઈ સાથે સુસંગત પરિસ્થિતિઓમાં બાળકો મોટા થાય તે સુનિશ્ચિત કરવું; અને
- તમામ બાળકોને શ્રેષ્ઠ પરિણામો મળે તે શક્ય બનાવવા માટે પગલાં લેવા.

5. 18 વર્ષથી ઓછી ઉંમરના દરેક બાળકોમાં શામેલ થાય છે.

## શાળા અને કૉલેજના કર્મચારીઓની ભૂમિકા

6. શાળા અને કૉલેજ કર્મચારીઓ ખાસ કરીને મહત્વપૂર્ણ છે કારણ કે તેઓ ચિંતાઓને વહેલી ઓળખવાની સ્થિતિમાં છે, બાળકોને મદદ કરે છે અને ચિંતાઓને વધતી અટકાવે છે.

7. બધા કર્મચારીઓની જવાબદારી છે કે બાળકો શીખી શકે તેવું સલામત વાતાવરણ પ્રદાન કરવું.

8. **બધા** કર્મચારીઓએ તૈયાર રહેવું જોઈએ જેથી પ્રારંભિક સહાયથી લાભ મેળવી શકે તેવા બાળકોને ઓળખી શકાય.[1] વહેલી મદદ એટલે તેમના ઘડતરના વર્ષોથી લઇને કિશોરવયના વર્ષો સુધી, બાળકના જીવનમાં કોઈપણ સમયે જયારે સમસ્યા ઊભી થાય ત્યારે બને તેટલી વહેલી સહાય પ્રદાન કરવી.

9. **કોઈપણ કર્મચારી સભ્ય** જેઓ બાળકના કલ્યાણ વિશે ચિંતા કરે છે તેમણે ફકરા 35-47 માં સૂચિત રેફરલ પ્રક્રિયાઓને અનુસરવી જોઈએ. કર્મચારીઓએ કોઈ પણ રેફરલ પછી સામાજિક કાર્યકરો અને અન્ય એજન્સીઓને આધાર પૂરો પાડવાની અપેક્ષા રાખવી જોઈએ.

10. દરેક શાળા અને કૉલેજમાં નિયુક્ત સુરક્ષાત્મક આગેવાની હોવી જોઈએ જે કર્મચારીઓને તેમની સુરક્ષાત્મક ફરજો હાથ ધરવા માટે સહાય કરશે અને જે બાળકોની સામાજિક સંભાળ જેવી અન્ય સેવાઓની વચ્ચે સઘન સહકાર સ્થાપશે.

11. નિયુક્ત સુરક્ષાત્મક આગેવાની (અને કોઈપણ ડેપ્યુટીઝ) પાસે સંપૂર્ણ સુરક્ષાત્મક ચિત્ર હોવાનું અને સુરક્ષાત્મક ચિંતાઓ માટેના પ્રતિભાવ અંગે સલાહ આપવા માટે સૌથી યોગ્ય વ્યક્તિ હોવા સંભવિત છે.

12. શિક્ષકોના માનકો 2012 જણાવે છે કે શિક્ષકોએ (જેમાં મુખ્ય શિક્ષક શામેલ છે) બાળકોની સુખાકારીને સુરક્ષિત રાખવી જોઈએ અને વ્યવસાયિક ફરજોના ભાગરૂપે અધ્યાપન વ્યવસાયમાં જાહેર વિશ્વાસ જાળવવો જોઈએ.[2]

## શાળા અને કૉલેજના કર્મચારીઓએ શું જાણવાની જરૂર છે

13. **તમામ** >કર્મચારીઓ તેમની શાળા અથવા કૉલેજની અંદરની પ્રણાલીઓથી પરિચિત હોવા જોઈએ જે સુરક્ષાત્મક પગલાંઓને સહાય કરતાં હોય અને કર્મચારીઓની નિયુક્તિના ભાગ રૂપે આ તેમને સમજાવવું જોઈએ. આમાં શામેલ હોવી જોઈએ;

- બાળ સુરક્ષા નીતિ;
- વર્તણૂક નીતિ;[3]
- કર્મચારીઓ સંબંધિત વ્યવહાર નીતિ (કેટલીક વાર આચાર સંહિતા તરીકે ઓળખાય છે);
- શિક્ષણમાંથી ગુમ થતા બાળકો પ્રત્યે સુરક્ષાત્મક પ્રતિભાવ; અને
- નિયુક્ત સુરક્ષાત્મક આગેવાની (નિયુક્ત સુરક્ષાત્મક આગેવાની અને કોઈપણ ડેપ્યુટીઝની ઓળખ સહિત)ની ભૂમિકા.

નીતિઓની નકલો અને આ દસ્તાવેજના ભાગ એકની નકલને ઇન્ડક્શન સમયે કર્મચારીઓને પ્રદાન કરવી જોઈએ.

14. **તમામ** કર્મચારીઓને યોગ્ય સુરક્ષાત્મક અને બાળ સંરક્ષણ તાલીમ પ્રાપ્ત થવી જોઈએ જે નિયમિતપણે અપડેટ કરવામાં આવતી હોય. આ ઉપરાંત, તમામ કર્મચારીઓને બાળકોને અસરકારક રીતે સુરક્ષિત રાખવા માટે જરૂરી કુશળતા અને જ્ઞાન પ્રદાન કરવા જેમ આવશ્યકતા હોય તેમ, અને ઓછામાં ઓછા વાર્ષિક ધોરણે, સુરક્ષાત્મક

---

[1] વહેલી મદદ વિશેની વિગતવાર માહિતી Working Together to Safeguard Children (બાળકોની સુરક્ષા કરવા માટે એક સાથે કાર્ય કરવું) ના પ્રકરણ 1 માં મળી શકે છે.

[2] Teachers' Standards (શિક્ષકોના માનકો) આના પર લાગુ પડે છે: QTS પ્રત્યે કામ કરતા તાલીમાર્થીઓ; તેમની વૈધાનિક ઇન્ડક્શન અવધિ પૂર્ણ કરનારા બધા શિક્ષકો (નવા યોગ્ય શિક્ષકો [NQTs]); અને સુસ્થાપિત વિશિષ્ટ શાળાઓ જે શિક્ષણ (શાળા શિક્ષકોના મૂલ્યાંકન) (ઇંગ્લેન્ડ) રેગ્યુલેશન્સ 2012 ને આધીન છે સહિત સુસ્થાપિત શાળાઓમાં શિક્ષકો.

[3] તમામ શાળાઓમાં વ્યવહાર નીતિ હોવી જરૂરી છે (સંપૂર્ણ વિગતો here). જો કૉલેજ વ્યવહાર નીતિ અપનાવવાનું પસંદ કરે છે તો તે ઉપર વર્ણવ્યા અનુસાર કર્મચારીઓને પૂરી પાડવામાં આવવી જોઈએ.

અને બાળ સંરક્ષણ અપડેટ્સ પ્રાપ્ત થવા જોઈએ (ઉદાહરણ તરીકે, ઇમેઇલ, ઇ-બુલેટિન અને કર્મચારીઓની મીટિંગ્સ દ્વારા).

15. **તમામ** કર્મચારીઓને તેમની સ્થાનિક વહેલી મદદની પ્રક્રિયાની જાણ હોવી જોઈએ[4] અને તેમાં તેમની ભૂમિકા સમજવી જોઈએ.

16. **તમામ** કર્મચારીઓને આવી આકારણીઓમાં તેમણે જે ભૂમિકા ભજવવાનું અપેક્ષિત હોઈ શકે તેની સાથે બાળકોની સામાજિક સંભાળ માટે અને બાળ અધિનિયમ 1989 હેઠળ વૈધાનિક આકારણીઓ માટે રેફરલ્સ બનાવવા માટેની પ્રક્રિયાની જાણ હોવી જોઈએ, ખાસ કરીને કલમ 17 (જરૂરિયાતમંદ બાળકો) અને કલમ 47 (પીડિત અથવા સંભવિત રૂપે નોંધપાત્ર નુકસાન સહન કરનારબાળક) હેઠળ જે રેફરલને અનુસરે છે.[5]

17. **તમામ** કર્મચારીઓને ખબર હોવી જોઈએ કે જો કોઈ બાળક તેમને કહે કે તેમની સાથે દુર્વ્યવહાર કરવામાં આવે છે અથવા તેમની ઉપેક્ષા કરવામાં આવે છે તો શું કરવું જોઈએ. યોગ્ય સ્તરની ગોપનીયતા જાળવવાની જરૂરિયાતને કેવી રીતે સંચાલિત કરવી તે કર્મચારીઓને ખબર હોવી જોઈએ. આનો અર્થ એ છે કે ફક્ત એ જ લોકોને સમાવિષ્ટ કરવા જેમને સમાવિષ્ટ કરવા જરૂરી હોય, જેમ કે નિયુક્ત સુરક્ષાત્મક આગેવાની (અથવા ડેપ્યુટી) અને બાળકોની સામાજિક સંભાળ. કર્મચારીઓએ ક્યારેય બાળકને વચન આપવું જોઈએ નહીં કે તેઓ અત્યાચારના રિપોર્ટ વિશે કોઈને કશું કહેશે નહીં, કારણકે આખરે આ બાળકના શ્રેષ્ઠ હિતમાં ન હોઈ શકે.

# શાળા અને કૉલેજના કર્મચારીઓએ શેનું ધ્યાન રાખવું જોઈએ

## વહેલી મદદ

18. **કોઈ પણ** બાળક વહેલી મદદથી લાભ મેળવી શકે છે, પરંતુ શાળા અને કૉલેજના બધા કર્મચારીઓએ ખાસ કરીને તેવા બાળક માટે વહેલી મદદની સંભવિત જરૂરિયાત વિશે સાવધ રહેવું જોઈએ જે:

- અક્ષમ છે અને તેની વિશેષ જરૂરિયાતો છે;
- ખાસ શૈક્ષણિક જરૂરિયાતો ધરાવે છે (તેમની પાસે વૈધાનિક શિક્ષણ, સ્વાસ્થ્ય અને સંભાળ યોજના હોય કે નહીં);
- એક યુવાન સંભાળ રાખનાર છે;
- ગેંગ સંડોવણી અને સંગઠિત અપરાધી જૂથ સંકળાયેલ હોવાની સાથે સમાજ - વિરોધી અથવા ગુનાહિત વર્તણૂકમાં દોરાઈ જવાના સંકેતો દર્શાવે છે;
- સંભાળ અથવા ઘરેથી વારંવાર ગુમ થયેલ હોય છે/ગુમ થઈ જાય છે;
- તેને આધુનિક ગુલામી, ટ્રાફિકિંગ (વેપાર) અથવા શોષણના જોખમ છે;
- કટ્ટરતા અથવા શોષણના જોખમ છે;
- તે પરિવારની પરિસ્થિતિઓમાં ઘેરાયેલો છે જે બાળક માટે પડકારો રજૂ કરે છે, જેમ કે ડ્રગ અને દારૂના દુરૂપયોગ, પુખ્ત માનસિક સ્વાસ્થ્ય સમસ્યાઓ અને ઘરેલુ અત્યાચાર;
- જે પોતે કેફી દ્રવ્યો અથવા આલ્કોહોલનો દુરૂપયોગ કરી રહ્યા હોય;
- જે કેર (સંભાળ) થી ઘરે પાછા ફર્યા હોય; અને

---

[4] વહેલી મદદ વિશેની વિગતવાર માહિતી Working Together to Safeguard Children (બાળકોની સુરક્ષા કરવા માટે એક સાથે કાર્ય કરવું)ના પ્રકરણ 1 માં મળી શકે છે.

[5] વૈધાનિક આકારણીઓ વિશે વધુ માહિતી ફકરા 42 પર શામેલ છે. વૈધાનિક આકારણીઓ વિશેની વિગતવાર માહિતી Working Together to Safeguard Children (બાળકોની સુરક્ષા માટે એકસાથે કાર્ય કરવું)પ્રકરણ 1 માં મળી શકે છે.[6] જાતીય હિંસા વિશેની વધુ માહિતી માટે, પરિશિષ્ટ A જુઓ.

- ખાનગી પણે અન્ય દ્વારા ઉછેરાયેલું (ફૉસ્ટર) બાળક હોય

## અત્યાચાર અને ઉપેક્ષા

19. અત્યાચાર અને ઉપેક્ષાને વહેલા ઓળખવા માટે શેનું ધ્યાન રાખવું જોઈએ તે જાણવું મહત્વપૂર્ણ છે. **તમામ** કર્મચારીઓ અત્યાચાર અને ઉપેક્ષાના સૂચકાંકોથી પરિચિત હોવા જોઈએ જેથી તેઓ તે બાળકો જેમને મદદ અથવા રક્ષણની જરૂર હોય તેવા બાળકોના કિસ્સાઓને ને ઓળખવામાં સક્ષમ હોય. જો કર્મચારીઓ અચોક્કસ હોય, તો તેઓએ **હંમેશાં** નિયુક્ત સુરક્ષાત્મક આગેવાની (અથવા ડેપ્યુટી) સાથે વાત કરવી જોઈએ.

20. બધા શાળા અને કૉલેજ કર્મચારીઓને એ વાતની જાણ હોવી જોઈએ કે અત્યાચાર, ઉપેક્ષા અને સુરક્ષા સંબંધી મુદ્દાઓ ભાગ્યે જ એકલ ઘટનાઓ છે જેને એક વ્યાખ્યા અથવા લેબલ દ્વારા આવરી શકાય છે. મોટાભાગના કિસ્સાઓમાં, બહુવિધ મુદ્દાઓ એકબીજા સાથે ઓવરલેપ થશે.

## અત્યાચાર અને ઉપેક્ષાના સૂચકાંકો

21. **અત્યાચાર**: બાળક સાથેના દુર્વ્યવહારનો એક પ્રકાર. કોઈક હાનિ કરીને અથવા હાનિને થતી રોકવા માટે કાર્ય કરવામાં નિષ્ફળતા મેળવીને બાળક સાથે અત્યાચાર અથવા ઉપેક્ષા કરી શકે છે. બાળકો સાથે તેમના પરિવારમાં અથવા સંસ્થાકીય અથવા સમુદાયની વ્યવસ્થામાં લોકો જેમને તેઓ ઓળખે છે અથવા ભાગ્યે જ, અન્ય લોકો દ્વારા અત્યાચાર થઈ શકે છે. અત્યાચાર સંપૂર્ણ ઑનલાઇન થઈ શકે છે અથવા ઑફલાઇન અત્યાચારને સરળ બનાવવા માટે તકનીકનો ઉપયોગ થઈ શકે છે. બાળકો, વયસ્ક અથવા વયસ્કો અથવા બીજા બાળક અથવા બાળકો દ્વારા અત્યાચારનો ભોગ બની શકે છે.

22. **શારિરીક અત્યાચાર**: અત્યાચારનો એક પ્રકાર જેમાં બાળકને શારિરીક હાનિ પહોંચાડવી, મારવું , ઝંઝોડવું, ફેંકવું, ઝેર આપવું, દઝાડવું અથવા ગરમ પાણીથી કે વરાળથી દઝાડવું, ડુબાડવું, ગૂંગળાવવું અથવા અન્ય શામેલ થઈ શકે છે. જ્યારે માતાપિતા અથવા સંભાળકર્તા બાળકમાં માંદગીના લક્ષણો અંગે બનાવટ કરે છે અથવા ઇરાદાપૂર્વક માંદગીના લક્ષણો પેદા કરે છે ત્યારે પણ શારીરિક હાનિ પણ થઈ શકે છે.

23. **ભાવનાત્મક અત્યાચાર**: બાળકના ભાવનાત્મક વિકાસ પર ગંભીર અને પ્રતિકૂળ અસરો કરવા માટે બાળક સાથે સતત ભાવનાત્મક દુર્વ્યવહાર. તેમાં બાળકોને, તેઓ નકામા અથવા અપ્રિય, અપર્યાપ્ત, અથવા તે અન્ય વ્યક્તિની જરૂરિયાતોને પૂરી કરે છે તેથી જ તેમની કિંમત છે, તેવું અભિવ્યક્ત કરવાનો આશય સમાવિષ્ટ હોઈ શકે છે. તેમાં તેમના વિચારો વ્યક્ત કરવા બાળકને તકો ન આપવાનું, ઇરાદાપૂર્વક તેમને ચૂપ કરવા અથવા તેઓ જે કહે છે તે અથવા તેઓ કેવી રીતે વાતચીત કરે છે તે વિશે 'મજાક બનાવવાનું' સમાવિષ્ટ હોઈ શકે છે. તે બાળકો પર લાદવામાં આવતી ઉંમર અથવા વિકાસ સંબંધી અયોગ્ય અપેક્ષાઓ દર્શાવે છે. આમાં એવી ક્રિયાપ્રતિક્રિયાઓ શામેલ હોઈ શકે છે કે જે બાળકની વિકાસ સંબંધી ક્ષમતાની બહાર હોય, તેમજ વધુ પડતું સંરક્ષણ અને સંશોધન અને શીખવાની મર્યાદા અથવા બાળકને સામાન્ય સામાજિક ક્રિયાપ્રતિક્રિયામાં ભાગ લેતા અટકાવવું સમાવિષ્ટ હોઈ શકે છે. તેમાં બીજા પર થતા દુર્વ્યવહારને જોવા અથવા સાંભળવા સમાવિષ્ટ હોઈ શકે છે. તેમાં ગંભીર દાદાગીરી (બુલિઇંગ) (સાયબર દાદાગીરી સહિત), જેના કારણે બાળકો વારંવાર ડર અથવા જોખમ અનુભવે છે અથવા બાળકોનું શોષણ અથવા ભ્રષ્ટાચાર સમાવિષ્ટ હોઈ શકે છે. બાળકના તમામ પ્રકારના દુર્વ્યવહારમાં કેટલીક હદે ભાવનાત્મક અત્યાચાર સામેલ હોય છે, જો કે દુર્વ્યવહાર એકલો પણ થઈ શકે છે.

24. **જાતીય અત્યાચાર**: જાતીય પ્રવૃત્તિઓમાં ભાગ લેવા માટે બાળક અથવા યુવાન વ્યક્તિને ફરજ પાડવી અથવા લલચાવવું, શામેલ છે, તે જરૂરી નથી કે તેમાં ઉચ્ચ સ્તરની હિંસા શામેલ હોય, શું થઈ રહ્યું છે તેની જાણ બાળક ને હોય અથવા ન પણ હોય. આ પ્રવૃત્તિઓમાં શારીરિક સંપર્ક સામેલ હોઈ શકે છે, જેમાં ભેદન (પેનેટ્રેશન) દ્વારા હુમલો

(ઉદાહરણ તરીકે બળાત્કાર અથવા મૌખિક સંભોગ) અથવા હસ્તમૈથુન, ચુંબન, રબિંગ અને કપડા બહાર સ્પર્શ જેવી ગેરભેદન (નોન-પેનેટ્રેટિવ) સંબંધિત પ્રવૃત્તિઓ શામેલ હોઈ શકે છે. તેમાં બિન-સંપર્ક પ્રવૃત્તિઓ શામેલ હોઈ શકે છે, જેમ કે બાળકોને જોવા, અથવા જાતીય ચિત્રોના નિર્માણમાં, જાતીય પ્રવૃત્તિઓ જોવા, બાળકોને જાતીય રીતે અનુચિત રીતે વર્તવા પ્રોત્સાહિત કરવા અથવા અત્યાચારની તૈયારીમાં બાળકને તાલીમ આપવાનો સમાવેશ થાય છે. જાતીય અત્યાચાર ઑનલાઇન થઈ શકે છે અને ઑફલાઇન અત્યાચારને સરળ બનાવવા માટે તકનીકનો ઉપયોગ કરી શકાય છે. જાતીય અત્યાચાર ફક્ત વયસ્ક નર દ્વારા જ આચરવામાં આવે તેવું જરૂરી નથી. સ્ત્રીઓ પણ જાતીય અત્યાચારના કૃત્યો કરી શકે છે, તે પ્રમાણે અન્ય બાળકો પણ કરી શકે છે. અન્ય બાળકો દ્વારા બાળકો સાથે જાતીય અત્યાચાર એ શિક્ષણમાં ચોક્કસ સુરક્ષા મુદ્દો છે (ફકરો 27 જુઓ).

25. **ઉપેક્ષા**: બાળકના સ્વાસ્થ્ય અને/અથવા મનોવૈજ્ઞાનિક જરૂરિયાતોને પહોંચી વળવા સતત નિષ્ફળતા, જે બાળકના આરોગ્ય અથવા વિકાસની ગંભીર ક્ષતિમાં પરિણમી શકે છે. ગર્ભાવસ્થા દરમિયાન ઉપેક્ષા થઇ શકે છે, ઉદાહરણ તરીકે, ગર્ભાવસ્થા દરમિયાન કેફી દ્રવ્યોના દુરૂપયોગના પરિણામે. એકવાર બાળકનો જન્મ થાય તે પછી: પૂરતું ભોજન, કપડાં અને આશ્રય (ઘરમાંથી બહાર કાઢી નાખવું અથવા ત્યજી દેવું) પ્રદાન કરવામાં; શારીરિક અને ભાવનાત્મક હાનિ અથવા જોખમથી બાળકને સુરક્ષિત કરવા; પર્યાપ્ત નિરીક્ષણની ખાતરી કરવામાં (સંભાળકર્તાઓના અપર્યાપ્ત ઉપયોગ સહિત); અથવા યોગ્ય તબીબી સંભાળ અથવા સારવારની પહોંચની ખાતરી આપવામાં માતાપિતા અથવા સંભાળકર્તાની નિષ્ફળતા; ઉપેક્ષામાં સમાવિષ્ટ થાય છે. તેમાં બાળકની મૂળભૂત ભાવનાત્મક જરૂરિયાતોની ઉપેક્ષા, અથવા બિનપ્રતિભાવ પણ શામેલ હોઈ શકે છે.

## સુરક્ષાત્મક મુદ્દાઓ

26. **તમામ** કર્મચારીઓને એવા સુરક્ષાત્મક મુદ્દાઓ વિશે જાગૃતિ હોવી જોઈએ જે બાળકોને હાનિના જોખમમાં મૂકી શકે. ડ્રગ લેવા, દારૂનો દુરૂપયોગ, ઇરાદાપૂર્વક ભણતરનો ત્યાગ કરવો અને સેક્સટિંગ (જેને યુવાનો નિર્મિત જાતીય કલ્પના તરીકે પણ ઓળખવામાં આવે છે) જેવા મુદ્દાથી જોડાયેલી વર્તણૂક બાળકોને જોખમમાં મૂકે છે.

## સહવિદ્યાર્થી દ્વારા સહવિદ્યાર્થી પર અત્યાચાર

27. **બધા** કર્મચારીઓએ ધ્યાન રાખવું જોઈએ કે બાળકો અન્ય બાળકોને અત્યાચાર કરી શકે છે (ઘણીવાર સમાન વયના અત્યાચાર તરીકે ઓળખાય છે). આમાં શામેલ થવાની સંભાવના સૌથી વધુ છે, પરંતુ આ સુધી મર્યાદિત ન પણ હોઈ શકે:

- દાદાગિરી(સાયબર ધમકી સહિત);
- શારિરીક અત્યાચાર જેવા કે મારવું, લાત મારવી, ઝંઝોડવું, બચકા ભરવા, વાળ ખેંચવા અથવા અન્યથા શારીરિક નુકસાન પહોંચાડવું;
- જાતીય હિંસા,[6] જેમ કે બળાત્કાર, ભેદન દ્વારા હુમલો અને જાતીય હુમલો;
- જાતીય સતામણી,[7]જેમ કે જાતીય ટિપ્પણીઓ, ટિપ્પણીઓ, ટુચકાઓ અને ઓનલાઇન જાતીય સતામણી, જે એકલ અથવા દુરૂપયોગની વ્યાપક પદ્ધતિનો ભાગ હોઈ શકે છે;

[6] જાતીય હિંસા વિશેની વધુ માહિતી માટે, પરિશિષ્ટ A જુઓ.

[7] જાતીય સતામણી વિશેની વધુ માહિતી માટે પરિશિષ્ટ A જુઓ.અપસ્કર્ટીંગ'[8] વિશેની વધુ માહિતી માટે પરિશિષ્ટ A જુઓ.

- અપસ્કર્ટીંગ[8] જેમાં જાતીય સંતોષ મેળવવા અથવા તેમના ભોગ બનેલા નિતંબને જોવાની ઇચ્છાથી અથવા જાતીય સંતોષ, તકલીફ અથવા ચેતવણી પેદા કરવાના હેતુસર કોઈને જાણ્યા વિના વ્યક્તિના કપડાની અંદરના ચિત્ર લેવાનો સમાવેશ થાય છે;
- સેક્સટિંગ (જેને યુવાનો નિર્મિત જાતીય કલ્પના તરીકે પણ ઓળખવામાં આવે છે); અને
- અને શરૂઆત/પજવણી પ્રકારની હિંસા અને ક્રિયાઓ.

28. **તમામ** કર્મચારીઓને સહવિદ્યાર્થી પર સહવિદ્યાર્થી દ્વારા અત્યાચાર સંબંધિત શાળા અથવા કૉલેજની નીતિ અને કાર્યવાહી સ્પષ્ટ હોવી જોઈએ.

## ગંભીર હિંસા

29. બધા સ્ટાફને સૂચકાંકો વિશે વાકેફ હોવું જોઈએ, જે બાળકોને જોખમમાં હોવાનું અથવા ગંભીર હિંસક ગુનામાં સામેલ હોવાનો સંકેત આપી શકે છે. આમાં શાળાની ગેરહાજરી, મિત્રતામાં ફેરફાર અથવા વૃદ્ધ વ્યક્તિઓ અથવા જૂથો સાથેના સંબંધો, કામગીરીમાં નોંધપાત્ર ઘટાડો, સ્વ-નુકસાનના સંકેતો અથવા સુખાકારીમાં નોંધપાત્ર ફેરફાર, અથવા હુમલો અથવા અસ્પષ્ટ ઇજાઓના સંકેતો શામેલ હોઈ શકે છે. અજાણ્યા ઉપહારો અથવા નવી સંપત્તિ પણ બાળકોનો ગુનાહિત નેટવર્ક અથવા ગેંગ સાથે સંકળાયેલા વ્યક્તિઓ દ્વારા સંપર્ક કરવામાં આવ્યો છે, અથવા તેમની સાથે સંકળાયેલા છે તે સૂચવી શકે છે.

30. બધા સ્ટાફને સંકળાયેલા જોખમોથી વાકેફ હોવું જોઈએ અને તેનું સંચાલન કરવા માટેના સ્થાને કયા પગલા અમલમાં લેવા તે સમજવું જોઈએ. હોમ ઓફિસનાPreventing youth violence and gang involvement યુવા હિંસા અને ગેંગની સંડોવણી અટકાવવા અને તેનું બાળકો અને સંવેદનશીલ પુખ્ત લોકોનું ગુનાહિત શોષણ: કાઉન્ટી લાઇન્સ Criminal exploitation of children and vulnerable adults: county lines માર્ગદર્શન[9].

### મહિલા જનનેન્દ્રિય છેદન

31. જ્યારે મહિલા જનનેન્દ્રિય છેદન (FGM) અંગેની કોઈપણ ચિંતાઓ વિશે **તમામ** કર્મચારીઓએ નિયુક્ત સુરક્ષાત્મક આગેવાની (અથવા ડેપ્યુટી) સાથે વાત કરવી જોઈએ, ત્યાં **શિક્ષકોની વિશિષ્ટ કાયદેસરની** ફરજ છે.[10] જો શિક્ષક, વ્યવસાયમાં તેમના કાર્ય દરમિયાન, જાણે છે કે 18 વર્ષથી ઓછી ઉંમરની છોકરી પર એફજીએમનું કૃત્ય કરવામાં આવ્યું છે, તો શિક્ષકે આની જાણ પોલીસને કરવી**અનિવાર્ય** છે. વધુ વિગતો માટે પરિશિષ્ટ A જુઓ.

## Contextual Safeguarding (સંદર્ભિક સુરક્ષા).

32. સુરક્ષાત્મક ઘટનાઓ અને/અથવા વર્તણૂકો શાળા અથવા કૉલેજની બહારના પરિબળો સાથે સંકળાયેલી હોઈ શકે છે અને/અથવા શાળા અથવા કૉલેજની બહાર બાળકો વચ્ચે થઈ શકે છે. તમામ કર્મચારીઓ, પરંતુ ખાસ કરીને નિયુક્ત સુરક્ષાત્મક આગેવાની (અને ડેપ્યુટી) એ સંદર્ભને ધ્યાનમાં લેવા જોઈએ જેમાં આવી ઘટનાઓ અને/અથવા વર્તણૂક થાય છે. આ સંદર્ભિક સુરક્ષા તરીકે ઓળખાય છે, જેનો અર્થ ફક્ત બાળકોની આકારણીઓ ધ્યાનમાં લેવું જોઇએ કે બાળકના જીવનમાં હાજર વ્યાપક પર્યાવરણીય પરિબળો તેમની સલામતી અને/અથવા કલ્યાણ માટે જોખમી છે કે

---

અપસ્કર્ટીંગ'[8] વિશેની વધુ માહિતી માટે પરિશિષ્ટ A જુઓ.

[9] હિંસક અપરાધ વિશેની વધુ માહિતી માટે પરિશિષ્ટ A જુઓ.

[10] મહિલા જનનેન્દ્રિય છેદન અધિનિયમ 2003 ની કલમ 5B(11) (a) હેઠળ, "શિક્ષક" નો અર્થ છે, ઇંગ્લેન્ડના સંબંધમાં, શિક્ષણ અધિનિયમ 2002 ની કલમ 141A(1) ના અંતર્ગત એક વ્યક્તિ (ઇંગ્લેન્ડમાં શાળાઓ અને અન્ય સંસ્થાઓમાં શિક્ષણ કાર્ય હાથ ધરવા માટે નિયુક્ત કરાયેલી અથવા રોકાયેલી વ્યક્તિઓ).

નહીં. બાળકોની સામાજિક સંભાળ આકારણીઓમાં આવા પરિબળોનો વિચાર કરવો જોઈએ, તેથી તે મહત્વપૂર્ણ છે કે શાળાઓ અને કૉલેજો રેફરલ પ્રક્રિયાના ભાગ રૂપે શક્ય એટલી વધુ માહિતી પ્રદાન કરે. આ કોઈપણ આકારણીને બધા ઉપલબ્ધ પુરાવા અને કોઈપણ અત્યાચારના સંપૂર્ણ સંદર્ભને ધ્યાનમાં લેવા માટે મંજૂરી આપશે. સંદર્ભિક સુરક્ષા સંબંધિત વધારાની માહિતી અહીં ઉપલબ્ધ છે: Contextual Safeguarding (સંદર્ભિક સુરક્ષા).

## વિશેષ માહિતી અને સહાય

33. વિભાગીય સલાહ What to Do if You Are Worried a Child is Being Abused (જો તમે ચિંતા કરતા હોવ કે કોઈ બાળક સાથે અત્યાચાર થઇ રહ્યો છે તો શું કરવું) - Advice for Practitioners (પ્રેક્ટિશનર્સ માટે સલાહ) દુરુપયોગ અને ઉપેક્ષાને સમજવા અને ઓળખવા વિશે વધુ માહિતી પ્રદાન કરે છે. સમગ્ર સલાહમાં અત્યાચાર અને ઉપેક્ષાના સંભવિત સૂચકાંકોના ઉદાહરણો પ્રકાશિત કરવામાં આવ્યા છે અને તે ખાસ કરીને શાળા અને કૉલેજ કર્મચારીઓ માટે સહાયરૂપ થશે. NSPCC વેબસાઇટ, અત્યાચાર અને ઉપેક્ષા અને શેનું ધ્યાન રાખવું જોઈએ તે અંગે ઉપયોગી વધારાની માહિતી પ્રદાન કરે છે.

34. **પરિશિષ્ટ A** માં અત્યાચારના ચોક્કસ સ્વરૂપો અને સુરક્ષા મુદ્દાઓ વિશે અગત્યની વધારાની માહિતી શામેલ છે. શાળા અને કૉલેજના અગ્રણીઓએ અને તે કર્મચારીઓ જે બાળકો સાથે સીધી રીતે કાર્ય કરે છે તેઓએ પરિશિષ્ટ વાંચવું જોઈએ.

### જો કોઈ બાળક વિશે તેમને ચિંતા હોય તો શાળા અને કૉલેજ કર્મચારીઓએ શું કરવું જોઈએ

35. બાળકો સાથે કામ કરતા કર્મચારીઓને જ્યાં સુરક્ષાત્મક પગલાંનો પ્રશ્ન હોય ત્યાં **'તે અહીં થઈ શકે છે'** નું વલણ જાળવવાની સલાહ આપવામાં આવે છે. જ્યારે બાળકના કલ્યાણ વિશે ચિંતિત હોય, ત્યારે કર્મચારીઓએ હંમેશા બાળકના **શ્રેષ્ઠ** હિતોમાં કાર્ય કરવું જોઈએ.

36. જો બાળકના કલ્યાણ વિશે કર્મચારીઓને કોઈપણ ચિંતા હોય, તો તેઓએ તરત જ તેના પર કાર્ય કરવું જોઈએ. જ્યારે તેમને કોઈ બાળક વિશે ચિંતા હોય ત્યારે કર્મચારીઓ માટેની પ્રક્રિયાનું નિરૂપણ કરતા ફ્લો ચાર્ટ માટે પાનું નંબર 15 જુઓ.

37. જો કર્મચારીઓને કોઈ ચિંતા હોય, તો તેઓએ તેમના પોતાના સંગઠનની બાળ સંરક્ષણ નીતિનું પાલન કરવું જોઈએ અને નિયુક્ત સુરક્ષાત્મક આગેવાની (અથવા ડેપ્યુટી) સાથે વાત કરવી જોઈએ.

38. ત્યાર પછી નિમ્ન વિકલ્પોનો સમાવેશ થાય છે:

- શાળાની અથવા કૉલેજની પોતાની પેસ્ટોરલ સહાય પ્રક્રિયાઓ દ્વારા આંતરિક રૂપે બાળક માટે કોઈપણ સહાયનું સંચાલન કરવું;
- વહેલી મદદ આકારણી;[11] અથવા
- વૈધાનિક સેવાઓ માટેનું રેફરલ,[12] ઉદાહરણ તરીકે બાળકને મદદની જરૂર હોઈ શકે છે, જરૂર છે અથવા હાનિ થઈ રહી છે અથવા હાનિ થઈ શકે એમ છે.

---

[11] વહેલી મદદની આકારણીઓ વિશેની વધુ માહિતી, વહેલી મદદ સેવાઓની જોગવાઈઓ અને સેવાઓની પહોંચ મેળવવી એ Working Together to Safeguard Children (બાળકોની સુરક્ષા માટે એક સાથે કામ કરવું)ના પ્રકરણ 1 માં છે.

[12] Working Together to Safeguard Children (બાળકોની સુરક્ષા માટે એકસાથે કામ કરવું) નું પ્રકરણ 1 નિર્ધારિત કરે છે કે સુરક્ષાત્મક ભાગીદારોએ પ્રવેશ (થ્રેશોલ્ડ) દસ્તાવેજ પ્રકાશિત કરવું જોઈએ જેમાં આકારણી અને વૈધાનિક સેવાઓ માટે ક્યારે કેસ, કલમ 17 અને 47 હેઠળ સ્થાનિક સત્તાધિકારી બાળકોની સામાજિક સંભાળને રીફર કરે તે માટે જરૂરિયાત સ્તર સહિતના માપદંડો સમાવિષ્ટ હોવા જોઈએ. સ્થાનિક સત્તાધિકારીઓએ, તેમના ભાગીદારો સાથે, આકારણીઓ માટે સ્થાનિક પ્રોટોકોલ વિકસાવવા અને

39. **નિયુક્ત સુરક્ષાત્મક આગેવાની** અથવા ડેપ્યુટી સુરક્ષાત્મક પગલાંઓની ચર્ચા કરવા માટે હંમેશાં ઉપલબ્ધ હોવા જોઈએ. જો અપવાદાત્મક સંજોગોમાં નિયુક્ત સુરક્ષાત્મક આગેવાની (અથવા ડેપ્યુટી) ઉપલબ્ધ ન હોય તો આને કારણે યોગ્ય પગલાં લેવામાં વિલંબ થવો જોઈએ નહીં. કર્મચારીઓએ વરિષ્ઠ નેતૃત્વ ટીમના સભ્ય સાથે વાત કરવા અને/અથવા સ્થાનિક બાળકોની સામાજિક સંભાળ પાસેથી સલાહ લેવા અંગે વિચારવું જોઈએ. આ સંજોગોમાં, કરવામાં આવેલી કોઈ પણ કાર્યવાહીને વ્યાવહારિકપણે શક્ય તેટલી જલ્દી નિયુક્ત સુરક્ષાત્મક આગેવાની (અથવા ડેપ્યુટી) સાથે શેર કરવી જોઈએ.

40. કર્મચારીએ એવું ધારી ન લેવું જોઈએ કે કોઈ સહયોગી અથવા અન્ય વ્યવસાયિક પગલાં લેશે અને માહિતીને શેર કરવી જોઈએ જે બાળકોને રાખવા માટે નિર્ણાયક હોઈ શકે છે. તેમણે ધ્યાનમાં રાખવું જોઈએ કે વહેલી માહિતી શેર કરવી, અસરકારક ઓળખ, આકારણી અને યોગ્ય સેવા જોગવાઈની ફાળવણી માટે મહત્વપૂર્ણ છે. માહિતીની આપલે: Advice for Practitioners Providing Safeguarding Services to Children, Young People, Parents and Carers (બાળકો, યુવાન લોકો, માતા-પિતા અને સંભાળ રાખનારાઓને સુરક્ષાત્મક સેવાઓ પ્રદાન કરનારા પ્રેક્ટિશનર્સ માટે સલાહ) ,તેવા કર્મચારીઓને ટેકો આપે છે જેમણે માહિતી શેર કરવા વિશે નિર્ણય લેવાના હોય આ સલાહ ડેટા પ્રોટેક્શન એક્ટ 2018 અને જનરલ ડેટા પ્રોટેક્શન રેગ્યુલેશન (GDPR) અંગે માહિતી અને વિચારણાઓ શેર કરવા માટેના સાત સુવર્ણ નિયમોનો સમાવેશ કરે છે. જો માહિતી શેર કરવા વિશે કોઈ શંકા હોય, તો કર્મચારીઓએ નિયુક્ત સુરક્ષાત્મક આગેવાની અથવા ડેપ્યુટી સાથે વાત કરવી જોઈએ. માહિતી શેર કરવાનો ડર બાળકોના કલ્યાણને પ્રોત્સાહન આપવાની અને બાળકોની સલામતીની રક્ષા કરવાની **જરૂરિયાતમાં અવરોધ ન** બને તે ધ્યાન રાખવું અનિવાર્ય છે.

## વહેલી મદદ

41. જો વહેલી મદદ યોગ્ય હોય, તો નિયુક્ત સુરક્ષાત્મક આગેવાની (અથવા ડેપ્યુટી) યોગ્ય હોય તે મુજબ સામાન્ય રીતે અન્ય એજન્સીઓ સાથે સહકાર સ્થાપવા અને ઇન્ટર-એજન્સી આકારણીની સ્થાપના કરવા દોરાશે. વહેલી મદદ આકારણીમાં કર્મચારીઓને અન્ય એજન્સીઓ અને વ્યાવસાયિકોને આધાર પૂરો પાડવાની જરૂર પડી શકે છે, કેટલાક કિસ્સાઓમાં તેઓ મુખ્ય પ્રેક્ટિશનર તરીકે કાર્ય કરે છે. જો બાળકની પરિસ્થિતિમાં સુધારો ન થાય અથવા ખરાબ થઈ રહી હોય, તો વૈધાનિક સેવાઓ માટેની માટે બાળકોની સામાજિક સંભાળના રેફરલ આપવામાં આવતાં આ પ્રકારના કેસોને સતત સમીક્ષા અને વિચારણા હેઠળ રાખવા જોઈએ.

## વૈધાનિક આકારણી

42. **જ્યાં બાળક પીડાતું હોય અથવા હાનિથી પીડાય તેવી શક્યતા હોય, ત્યારે તે મહત્વપૂર્ણ છે કે બાળકોની સામાજિક સંભાળ (અને જો યોગ્ય હોય તો પોલીસ) નું રેફરલ તાત્કાલિક કરવામાં આવે.** રેફરલ્સ એ સ્થાનિક રેફરલ પ્રક્રિયાને અનુસરવી જોઈએ.

## જરૂરતમંદ બાળકો

બાળ અધિનિયમ 1989 હેઠળ, જરૂરતમંદ બાળકની વ્યાખ્યા એક બાળક જેના માટે સ્વાસ્થ્ય અથવા વિકાસના વાજબી સ્તરને પ્રાપ્ત કરવા અથવા જાળવવા શક્ય નથી અથવા સેવાઓની જોગવાઈ વિના જેનું સ્વાસ્થ્ય અથવા વિકાસ

---

પ્રકાશિત કરવા જોઈએ. સ્થાનિક સત્તાધિકારીઓની બાળકોની સામાજિક સંભાળમાં એક વાર સંદર્ભિત કરવામાં આવે તે પછી કેસ કેવી રીતે સંચાલિત કરવામાં આવશે તેની સ્પષ્ટ ગોઠવણ એક સ્થાનિક પ્રોટોકોલમાં સૂચિત હોવી જોઈએ.

નોંધપાત્ર સ્તરે અથવા વધુ ખરાબ થવાનું સંભવ છે; અથવા એક બાળક જે અક્ષમ છે તે રીતે કરવામાં આવી છે. સ્થાનિક સત્તાધિકારીઓએ તેમના કલ્યાણની સુરક્ષા અને પ્રોત્સાહનના હેતુઓ માટે જરૂરતમંદ બાળકો માટે સેવાઓ પ્રદાન કરવાની જરૂર છે. બાળ અધિનિયમ 1989 ની કલમ 17 હેઠળ જરૂરિયાતમંદ બાળકોની આકારણી કરી શકાય છે.

## નોંધપાત્ર હાનિ સહન કરી રહેલા અથવા સહન કરવાની સંભાવના ધરાવતા બાળકો

સ્થાનિક સંસ્થાઓની, યોગ્ય હોય તે રીતે અન્ય સંગઠનોની મદદથી, બાળ અધિનિયમ 1989 ની કલમ 47 હેઠળ પૂછપરછ કરવાની ફરજ છે, જો તેમને તેવી સંભવતાની શંકા હોવાનું વાજબી કારણ હોય કે બાળક સહન કરી રહ્યું છે અથવા નોંધપાત્ર હાનિ સહન કરવી પડી શકે છે. આ પ્રકારની પૂછપરછ તેમને બાળકના કલ્યાણની સુરક્ષા અને પ્રોત્સાહન માટે કોઈપણ પગલાં લેવા જોઈએ કે કેમ તે નક્કી કરવામાં સક્ષમ કરે છે અને બધા પ્રકારના અત્યાચાર અને ઉપેક્ષા, મહિલા જનનેન્દ્રિય છેદન અથવા અન્ય તથાકથિત પ્રતિષ્ઠા આધારિત હિંસા, અને કટ્ટરતા અને જાતીય શોષણ જેવા વધારાના પરિવાર બહારના જોખમો સહિતના દુર્વ્યવહાર અંગેની ચિંતા હોય ત્યાં પગલાં લેવા અનિવાર્ય છે.

43. ઑનલાઇન ટૂલ Report Child Abuse to Your Local Council (તમારી સ્થાનિક કાઉન્સિલને બાળ અત્યાચારની જાણ કરો) સંબંધિત સ્થાનિક બાળકોના સામાજિક સંભાળ સંપર્ક નંબર તરફ દોરે છે.

## સ્થાનિક સત્તાધિકારી શું કરશે?

44. રેફરલ બન્યાના એક કાર્ય દિવસની અંદર, સ્થાનિક સત્તાધિકારી સામાજિક કાર્યકરે રેફરરને રસીદ માન્ય કરવી જોઈએ અને આગામી પગલાં અને આવશ્યક પ્રતિસાદના પ્રકાર વિશે નિર્ણય લેવો જોઈએ જેમાં આ નિર્ધારિત કરવામાં આવશે કે શું: આમાં તે નિર્ધારિત કરવામાં આવશે કે શું:

- બાળકને તાત્કાલિક રક્ષણની આવશ્યકતા છે અને તાત્કાલિક કાર્યવાહી આવશ્યક છે
- બાળક જરૂરિયાતમંદ છે, અને બાળ અધિનિયમ 1989 ની કલમ 17 હેઠળ આકારણી કરવી જોઈએ
- તેવી સંભવતાની શંકા હોવાનું વાજબી કારણ છે કે બાળક સહન કરી રહ્યું છે અથવા નોંધપાત્ર હાનિ સહન કરવી પડી શકે એમ છે અને શું પૂછપરછ કરવી અને બાળ અધિનિયમ 1989 ની કલમ 47 હેઠળ બાળકની આકરણી કરવી અનિવાર્ય છે.
- શું બાળક અને પરિવાર દ્વારા કોઈપણ સેવાઓની આવશ્યકતા છે અને કયા પ્રકારની સેવાઓ
- સ્થાનિક અધિકારીઓને આગળ કઈ કાર્યવાહી કરવી તે નક્કી કરવામાં મદદ કરવા વધુ નિષ્ણાત આકારણીઓની આવશ્યકતા છે
- જો નિર્ણય લેવામાં આવે કે રેફરલને વધુ આકારણીઓની જરૂર છે તો શક્ય તેટલી વહેલી તકે બાળકને મળવું.

45. જો આ માહિતી બહાર ન આવે તો રેફરરે તેનું અનુવર્તન કરવું જોઈએ.

46. જો સામાજિક કાર્યકરો વૈધાનિક આકારણી હાથ ધરવાનું નક્કી કરે છે, તો કર્મચારીઓએ તે આકારણીને સમર્થન આપવા માટે જે કરી શકે તે બધું કરવું જોઈએ (જેમ જરૂરી હોય તે પ્રમાણે નિયુક્ત સુરક્ષાત્મક આગેવાની (અથવા ડેપ્યુટી) દ્વારા સમર્થિત).

47. જો, રેફરલ પછી, બાળકની પરિસ્થિતિમાં સુધારો થતો હોવાનું દેખાય નહીં તો રેફરર દ્વારા સ્થાનિક એસ્કલેશન પ્રક્રિયાઓનું અનુસરણ કરવા અંગે વિચારવું જોઈએ જેથી તે સુનિશ્ચિત કરી શકાય કે તેમની ચિંતાઓનું નિરાકરણ કરવામાં આવ્યું છે અને સૌથી અગત્યપણે કે બાળકની સ્થિતિ સુધરે છે.

## રેકોર્ડ જાળવવો

48. બધી ચિંતાઓ, ચર્ચાઓ અને લેવામાં આવેલા નિર્ણય અને તે નિર્ણયો માટેના કારણો, લેખિતમાં નોંધાયેલા હોવા જોઈએ. જો રેકોર્ડિંગ આવશ્યકતાઓ વિશે કોઈ શંકા હોય, તો કર્મચારીએ નિયુક્ત સુરક્ષાત્મક આગેવાની (અથવા ડેપ્યુટી) સાથે ચર્ચા કરવી જોઈએ.

## આ બધું શા માટે મહત્વનું છે?

49. જોખમોને સંબોધવા માટે અને સમસ્યાઓ આગળ વધતી નિવારવા માટે મહત્વપૂર્ણ છે કે બાળકો માટે યોગ્ય સમયે યોગ્ય સહાય પ્રાપ્ત થાય. સંશોધન અને ગંભીર કેસની સમીક્ષાઓએ અસરકારક પગલાં લેવામાં નિષ્ફળ જવાના જોખમો વારંવાર દર્શાવ્યા છે.[13] નબળી પ્રેક્ટિસના ઉદાહરણોમાં શામેલ છે:

- અત્યાચાર અને ઉપેક્ષાના પ્રારંભિક સંકેતો પર કાર્યવાહી કરવામાં અને તેમને સંદર્ભિત કરવામાં નિષ્ફળતા;
- રેકોર્ડની નબળી જાળવણી;
- બાળકના વિચારો સાંભળવામાં નિષ્ફળતા;
- પરિસ્થિતિઓમાં જયારે સુધારો થાય નહીં ત્યારે ચિંતાઓની પુનઃઆકારણી કરવામાં નિષ્ફળતા;
- માહિતીની આપલે નથી;
- માહિતીની ઘણી ધીરે આપલે; અને
- જેઓ પગલાં લેતા ન જોવામાં આવી રહ્યા હોય તેમની સામે પડકારનો અભાવ.

# શાળા અને કૉલેજના કર્મચારીઓએ શું કરવું જોઈએ જો તેમને અન્ય કર્મચારી સભ્ય વિશે ચિંતા હોય, જે બાળકોને નુકસાન પહોંચાડવાનું જોખમ ઉભું કરી શકે છે

50. જો કર્મચારીઓને સુરક્ષાત્મક ચિંતાઓ હોય અથવા કર્મચારીઓના અન્ય સભ્ય (સ્વયંસેવકો સહિત) વિશે આરોપ કરવામાં આવે જે જે બાળકોને નુકસાન પહોંચાડવાનું જોખમ ઉભું કરી શકે, તો:

- આ મુખ્ય શિક્ષક અથવા આચાર્યને સંદર્ભિત કરવું જોઇએ;
- જ્યાં મુખ્ય શિક્ષક અથવા આચાર્ય વિશેની ચિંતાઓ / આક્ષેપો છે, તે ગવર્નર/ અધ્યક્ષને, મેનેજમેન્ટ કમિટીના અધ્યક્ષ અથવા સ્વતંત્ર શાળાના માલિકને સંદર્ભિત કરવા જોઈએ; અને
- મુખ્ય શિક્ષક વિશેની ચિંતાઓ/ આરોપોની ઘટનામાં, જ્યાં મુખ્ય શિક્ષક પણ સ્વતંત્ર શાળાના એકમાત્ર માલિક છે, ત્યાં આરોપોને સીધા સ્થાનિક અધિકારીઓ સામે નિયુક્ત અધિકારી(ઓ) ને રિપોર્ટ કરવા જોઈએ. (વધુ વિગતો આ માર્ગદર્શનના ભાગ ચારમાં મળી શકે છે).

---

[13] ગંભીર કેસ સમીક્ષાઓનું વિશ્લેષણ Serious case reviews, 2011 to 2014 (ગંભીર કેસ સમીક્ષાઓ, 2011 થી 2014)પર મળી શકે છે.[14] વૈકલ્પિક રીતે, કર્મચારીઓ નીચેના સરનામે લખી શકે છે: નેશનલ સોસાયટી ફોર ધ પ્રિવેન્શન ઓફ ક્રુઅલ્ટી ટુ ચિલ્ડ્રન (NSPCC), વેસ્ટન હાઉસ, 42 કર્ટેન, રોડ, લંડન EC2A 3NH.

## શાળા અથવા કૉલેજની અંદર જો સુરક્ષાત્મક પગલાં સંબંધિત વ્યવહારો અંગે ચિંતા હોય તો શાળા અથવા કૉલેજ કર્મચારીઓ શું કરવું જોઈએ

51. બધા કર્મચારીઓ અને સ્વયંસેવકોએ નબળા અથવા વ્યવહાર અંગે અને શાળા અથવા કૉલેજની સુરક્ષાત્મક વ્યવસ્થામાં સંભવિત નિષ્ફળતા વિશે ચિંતા વ્યક્ત કરવા સક્ષમ અનુભવવું જોઈએ અને તેમને તે જાણ હોવી જોઈએ આવી ચિંતાઓને વરિષ્ઠ નેતૃત્વ ટીમ દ્વારા ગંભીરતાથી લેવામાં આવશે.

52. શાળા અથવા કૉલેજની વરિષ્ઠ નેતૃત્વ ટીમ સામે આવી ચિંતાઓ રજૂ કરી શકવા માટે યોગ્ય વ્હિસલબ્લોઇંગ (ચેતવણી) પ્રક્રિયાઓની રચના કરેલી હોવી જોઈએ.

53. જ્યાં કોઈ કર્મચારી સભ્ય તેમના નિયોક્તા સામે કોઈ સમસ્યા વ્યક્ત કરવામાં અસમર્થતા અનુભવે, અથવા એવું લાગે કે તેમની વાસ્તવિક ચિંતાઓને સંબોધવામાં નથી આવી રહી તો તેમના માટે અન્ય વ્હિસલબ્લોઇંગ ચેનલો ખુલ્લી હોઈ શકે છે:

- વ્હિસલબ્લોઇંગ પર સામાન્ય માર્ગદર્શન આના દ્વારા શોધી શકાય છે: Advice on Whistleblowing (વ્હિસલબ્લોઇંગ પર સલાહ); અને
- તેવા કર્મચારીઓ જેઓ બાળ સુરક્ષા સંબંધિત નિષ્ફળતાઓને લગતી ચિંતાઓ આંતરિક રીતે વ્યક્ત કરવા સક્ષમ ન અનુભવે અથવા તેમની શાળા અથવા કૉલેજ દ્વારા જે રીતે કોઈ ચિંતાને હાથ ધરવામાં આવી રહી છે તે અંગે ચિંતાઓ હોય તો તેમના માટે NSPCCની *what you can do to report abuse (ગેરવર્તનનો રિપોર્ટ કરવા તમે શું કરી શકો)* dedicated helpline (સમર્પિત હેલ્પલાઈન) એક વૈકલ્પિક માર્ગ તરીકે ઉપલબ્ધ છે. કર્મચારીઓ 0800 028 0285 પર કૉલ કરી શકે છે - લાઇન સોમવારથી શુક્રવાર સુધી સવારે 8:00 થી સાંજે 8:00 સુધી ઉપલબ્ધ છેઅને ઇમેઇલ: help@nspcc.org.uk.[14]

[14] વૈકલ્પિક રીતે, કર્મચારીઓ નીચેના સરનામે લખી શકે છે: નેશનલ સોસાયટી ફોર ધ પ્રિવેન્શન ઓફ ક્રુઅલ્ટી ટુ ચિલ્ડ્રન (NSPCC), વેસ્ટન હાઉસ, 42 કર્ટેન, રોડ, લંડન EC2A 3NH.

# પગલાંઓ જ્યાં બાળક વિશે ચિંતા હોય છે

શાળા/કૉલેજ કાર્યવાહી

અન્ય એજન્સી કાર્યવાહી

કર્મચારીઓને બાળક વિશે ચિંતા હોય છે અને તાત્કાલિક પગલાં લે છે. કર્મચારીઓ તેમની બાળ સંરક્ષણ નીતિનું પાલન કરે છે અને નિયુક્ત સુરક્ષાત્મક આગેવાની સાથે વાત કરે છે (1)

રેફરલની જરૂર નથી, શાળા/કૉલેજ સુસંગત કાર્યવાહી કરે, સંભવતઃ પેસ્ટોરલ આધાર અને/અથવા વહેલી મદદ સહિત (2) અને સ્થાનિક રીતે દેખરેખ રાખવામાં આવે છે

જો ચિંતાઓ વધે તો રેફરલ (3) કરવામાં આવે

નિયુક્ત સુરક્ષાત્મક આગેવાની અથવા કર્મચારીઓ બાળકોની સામાજિક સંભાળ માટે રેફરલ (3) બનાવે (અને જો યોગ્ય હોય તો પોલીસને કૉલ કરે)

એક કાર્યકારી દિવસની અંદર, સામાજિક કાર્યકર જરૂરી પ્રતિસાદના પ્રકાર વિશે નિર્ણય લે છે

બાળકને તાત્કાલિક રક્ષણની જરૂર છે: રેફરરને જાણ કરવામાં આવી છે

કલમ 47 (4) યોગ્ય પૂછપરછ: સંદર્ભ આપનારને માહિતી આપી

કલમ 17 (4) યોગ્ય પૂછપરછ: સંદર્ભ આપનારને માહિતી આપી

કોઈ ઔપચારિક આકારણી જરૂરી નથી: રેફરરને જાણ કરવામાં આવી છે

સામાજિક કાર્યકર, પોલીસ અથવા NSPCC દ્વારા યોગ્ય કટોકટીની કાર્યવાહી કરવામાં આવી (5)

નોંધપાત્ર હાનિના જોખમ પરના બાળકને ઓળખો (4): સંભવિત બાળ સંરક્ષણ યોજના

જરૂરિયાતમંદ બાળકને ઓળખો (4) અને યોગ્ય સહાયને ઓળખો

શાળા/કૉલેજ પેસ્ટોરલ સહાય અને/અથવા વહેલી મદદ આકારણી અંગે (2) સાર્વત્રિક સેવાઓ અને અન્ય સહાય મેળવવા અંગે વિચારે છે

સામાજિક કાર્યકરોને સહાય પૂરી પાડવા માટે કર્મચારીઓએ તેઓથી બનતું બધું જ કરવું જોઈએ.

તમામ તબક્કે, કર્મચારીઓએ બાળકના સંજોગોને સમીક્ષા હેઠળ રાખવા જોઈએ (જરૂરી હોય તે અનુસાર, નિયુક્ત સુરક્ષાત્મક આગેવાની (અથવા ડેપ્યુટી) ને સમાવિષ્ટ કરીને) અને બાળકના સંજોગોમાં સુધારો સુનિશ્ચિત કરવા માટે યોગ્ય હોય તો પુનઃ રીફર કરવું જોઈએ - બાળકનું શ્રેષ્ઠ હિત હંમેશા પ્રાથમિકતા હોય તે અનિવાર્ય છે

(1) એવા કિસ્સાઓ જેમાં કર્મચારી સભ્ય વિરુદ્ધ કોઈ ચિંતા અથવા અત્યાચારના આરોપોનો પણ સમાવેશ થાય છે, આ માર્ગદર્શનનો ભાગ ચાર જુઓ.

(2) વહેલી મદદ એટલે બાળકના જીવનમાં કોઈપણ સમયે જ્યારે સમસ્યા ઊભી થાય ત્યારે બને તેટલી વહેલી સહાય પૂરી પાડવી. જ્યાં બાળકને સમન્વયિત વહેલી મદદથી લાભ થશે, ત્યાં ઇન્ટર-એજન્સી આકારણીની ગોઠવણ કરવી જોઈએ. વહેલી મદદ પ્રક્રિયા વિશેની વિગતવાર માહિતીWorking Together to Safeguard Children (બાળકોની સુરક્ષા કરવા માટે એક સાથે કાર્ય કરવું) ના પ્રકરણ 1 માં મળી શકે છે.

(3) રેફરલ્સ દ્વારા સ્થાનિક પ્રવેશ (થ્રેશોલ્ડ) દસ્તાવેજ અને આકારણી માટેના સ્થાનિક પ્રોટોકોલમાં સેટ કરેલ પ્રક્રિયાને અનુસરવી જોઈએ. (બાળકોની સુરક્ષા કરવા માટે એક સાથે કાર્ય કરવું) Working Together to Safeguard Childrenના પ્રકરણ 1.

બાળ અધિનિયન 1989 હેઠળ, સ્થાનિક સત્તાધિકારીઓએ તેમના કલ્યાણ માટે સુરક્ષાત્મક પગલાં અને પ્રોત્સાહનના હેતુઓ માટે જરૂરતમંદ બાળકોને સેવાઓ પૂરી પાડવી આવશ્યક છે. બાળ અધિનિયમ 1989 ની કલમ 17 હેઠળ જરૂરિયાતમંદ બાળકોની આકારણી કરી શકાય છે. બાળ અધિનિયમ 1989 હેઠળની કલમ 47 હેઠળ, જ્યાં સ્થાનિક સત્તાધિકારીઓને શંકા હોવાનું વાજબી કારણ છે કે બાળક સહન કરી રહ્યું છે છે અથવા નોંધપાત્ર હાનિ સહન કરવી પડી શકે એમ છે તો બાળકના કલ્યાણ માટે સુરક્ષાત્મક પગલાં લેવા અથવા તેને પ્રોત્સાહન આપવા માટે પગલાં લેવા જોઈએ કે નહીં તે નક્કી કરવા માટે ફરિયાદ કરવી ફરજિયાત છે. સંપૂર્ણ વિગતો Working Together to Safeguard Children (બાળકોની સુરક્ષા માટે એકસાથે કાર્યકરવું)ના પ્રકરણ 1 માં મળી શકે છે.

આમાં ઇમરજન્સી પ્રોટેક્શન ઓર્ડર (EPO) માટે અરજીનો સમાવેશ થઈ શકે છે.